**સી.પર.અરજ. નં.૬૧/૨૦૧૫**
**આંક–૧ નું સંધાણ.**
**તા.૧૦/૦૪/૨૦૨૬.**

–// **<u>આંક–૧ લગત હુકમ</u>** //–

આ કામે અરજદારે હાલની અરજી તા.૪/૭/ ૨૦૧૫ના રોજદાખલ કરેલી છે. ત્યારબાદ ધણાલાંબા સમય સુધી નોટીસની બજણવી માટે અરજી રહેલી છે અને કેટલીક કાર્યવાહી થયેલી છે પરંતુ અરજદાર કે અરજદારના જવાબદાર વિ.વ.શ્રી હાજર રહેતાં નથી અને અરજીની કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઇ કોર્યવાહી કરતાં નથી. આવા સંજોગોમાં આ અરજી ઘણીજુની છે અને અરજદારની આ અરજી ગુણદોષ ઉપર આગળ ચલાવી ન્યાયીક  નિર્ણય મેળવવામાં કોઇ રસ હોય તેવું જણાતું નથી. આવા સંજોગોમાં હાલની અરજીમાં વધુ સમય આપવા માટેનું કોઇ વ્યાજબી કારણ આ તબકકે જણાતું નથી. જેથી અરજદારની હાલની અરજી ગેરહાજરીના કારણે કાઢી નાખવી જોઇએ તેવું મારુ શુધ્ધબુધ્ધી પૂર્વકનું માનવું છે.

વધુમાં, જો અરજદારને આ અરજીના કામે આગળ કાર્યવાહી કરવાની ઇચ્છા હોય તો અરજદાર પાસે ફરી ફાઇલે લેવાનો વિકલ્પ ખુલ્લો રહે છે. જેથી હાલની અરજી ગેરહાજરીના કારણે કાઢી નાખવાથી અરજદારને કોઇ હકક અધિકારથી વંચીત રહેવું પડે તેવું જણાતું નથી.

આવા સંજોગોમાં તમામ બાબતો ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ ફરમાવું છુ.

**//હુકમ//**

આથી અરજદાર તથા તેઓના વિ.વ.શ્રીની ગેરહાજરી ધ્યાને લઈ હાલની અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના દિવસે વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખઃ ૧૦/૦૪/૨૦૨૬
સ્થળઃ મહેસાણા.

(એમ.એફ. ખત્રી)
બીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,
મહેસાણા
જીજે૦૦૬૯૧